હાવડા-પોરબંદર એક્સપ્રેસમાં લૂંટારાઓ ત્રાટકતા સનસનાટી

અમદાવાદ, તા.૧૨

હાવડા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેનમાં લૂંટારાઓએ ત્રાટકીને લાખોની લૂંટ ચલાવતા ખળભળાટ મચી ગયોછે. વડોદરા શહેરના જાનૈયાઓ લૂંટનો શિકાર થયા હતા. સમગ્ર મામલામાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આ બનાવ મહારાષ્ટ્રના હાલ લગ્નની સીઝન પૂરબહારમાં ખીલી છે. લોકો લગ્નપ્રસંગને મનમુકીને માહલી રહ્યા છે. ત્યારે બીજી તરફ લગ્નના માહોલને અસર કરનાર એક ગંભીર ઘટના બની છે જ્યાં કોલકાતાથી લગ્ન પ્રસંગને મહાલીને પરત ફરી રહેલા વડોદરા શહેરના જાનૈયાઓ મધરાતે મહારાષ્ટ્રના નંદુરબાર અને ભુસાવળ વચ્ચે ટ્રેનમાં લૂંટારાઓ દ્વારા લૂંટાઈ ગયા હોવાનો બનાવ પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. હાવડા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેનમાં લૂંટારૂઓ અંદાજે ૧૫ થી ૨૦ લાખના દાગીના તથા અન્ય મુદ્દામાલને લૂંટીને ફરાર થઈ ગયા હતા.

લૂંટનો ભોગ બનેલામાં વડોદરાના વાઘોડીયા રોડ વિસ્તારના પૂર્વ કાઉન્સીલરનો પણ સમાવેશ થતો હોવાનું જાણવા મળ્યું છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, સંસ્કાર નગરી તરીકે જાણીતા વડોદરાના વાઘોડીયા રોડ પર મહેશ કોમ્પલેક્ષ પાસે આવેલી ગણેશ સોસાયટીમાં રહેતા અમીતભાઈ દાસના કોલકાતા ખાતે લગ્ન હતા. આ લગ્ન સમારોહમાં ગણેશ સોસાયટીના આઠ જેટલા રહેવાસીઓ પણ કોલકાતા ગયા હતા. લગ્ન બાદ વરરાજા-નવવધુ તેમજ અન્ય સોસાયટીના રહીશો હાવડા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેનમાં વડોદરા ખાતે પરત આવી રહ્યા હતા ત્યારે એકાએક મહારાષ્ટ્રના નંદુરબાર અને ભૂસાવળ વચ્ચે અંદાજે ચારથી પાંચ લૂંટારૂઓ તેમના એસી કોચમાં આવી પહોંચ્યા. લૂટારૂઓએ જાનૈયાઓને હથિયાર બતાવી તેમની પાસે રહેલા સોનાના દાગીના તેમજ અન્ય કિંમતી વસ્તુ, મોબાઈલ મળીને અંદાજે ૧૫ થી ૨૦ લાખના મુદ્દામાલની લૂંટ ચલાવીને ટ્રેનની ચેઈન પુલીંગ કરીને લૂંટારૂઓ રફુચક્કર થઈ ગયા હતા. એકાએક બનેલી ઘટનાના પગલે ટ્રેનની કોચમાં બેઠેલા જાનૈયાના હોશકોશ ઉડી ગયા હતા.

આ મામલા અંગે જાનૈયાઓએ વડોદરા રેલ્વે પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. અત્રે પ્રશ્ન એ થાય છે કે આ લૂંટારૂઓ જાણભેદુ હતા કે શું ? હાલમાં આ મામલા અંગે પોલીસ અધિકારીઓએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ખોખરા મેદાનમાં ખેલ મહાકુંભની શરૂઆત થઈ હતી.

રિક્ષામાં મોબાઈલ ચોરી કરતી ત્રણ મહિલાની ધરપકડ કરાઈ

ત્રણેય મહિલા પાસેથી ચાર મોબાઈલ સહિત ૧૧૯૪૦નો મુદ્દામાલ કબ્જે કરાયો : ઝડપાયેલી મહિલાની પુછપરછ

અમદાવાદ, તા.૧૨

રિક્ષામાં પેસેન્જર તરીકે બેસીને અન્ય પેસેન્જરની નજર ચુકવીને મુદ્દામાલની ચોરી કરતી ત્રણ મહિલાની અંતે ધરપકડ કરાઈ છે. ત્રણેય મહિલા પાસેથી ચાર મોબાઈલ સહિત કુલ ૧૧,૯૪૦નો મુદ્દામાલ કબ્જે કરાયો છે. ત્રણેય મહિલાઓની કડક પૂછપરછ હાથ ધરી પોલીસ અધિકારીઓએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગતરોજ ફરીયાદી અંકિતાબેન પંચાલ લાલદરવાજાથી ખોખરા સર્કલ તરફ રીક્ષામાં આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં આસ્ટોડીયા દરવાજાથી ત્રણ મહિલા રીક્ષામાં બેઠી હતી. ખોખરા આવતાં જ અંકિતાબેન રિક્ષામાંથી ઉતરતા તેમનું ધ્યાન તેમના પર્સ પર ગયું પર્સમાંથી પોતાનો મોબાઈલ એકાએક ન મળતાં તેમણે તરત જ નજીક ઉભેલા સ્થાનિક પોલીસ અધિકારીને ઘટનાની જાણ કરી પોલીસ અધિકારીએ તપાસ હાથ ધરતાં રિક્ષાના સીટની પાછળથી મોબાઈલની બેટરી તથા ત્રણ પૈકીની એક મહિલા પાસેથી અંકિતાબેનનો મોબાઈળ મળી આવ્યો હતો. ત્યારબાદ પોલીસ અધિકારીઓ ત્રણેય મહિલાને પોલીસ સ્ટેશન લઈ ગયા હતા જ્યાં તપાસ દરમ્યાન ત્રણ મહિલાનું નામ ભારતીબેન, રીના તથા રમીલા હોવાનું જાણવા મળ્યું છે તેમજ પૂછપરછમાં અગાઉ પણ તેમણે કાલુપુર સર્કલ પાસે બસમાં ભીડભાળવાળી જગ્યામાંથી પેસેન્જરનો મોબાઈલ ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે.

ખોખરા પોલીસે બાતમીના આધારે ત્રણ મહિલાઓને મોબાઈલો સાથે પકડી પાડી હતી.

હર્ષ બ્રહ્મભટ્ટના બે પુસ્તક અને એક ઓડીયો સીડીનું વિમોચન લોકાર્પણ

પૂ. મોરારીબાપૂના હસ્તે વિમોચન અને લોકાર્પણ : વિનોદ ભટ્ટ પણ હાજર રહેશે

અમદાવાદ, તા. ૧૨

કવિ હર્ષ બ્રહ્મભટ્ટ દ્વારા રચિત ગુજરાતીમાં 'ઝાકળ અને તડકાની વચ્ચે' અને ઉર્દૂ-હિન્દીમાં 'ખામોશી હૈ ઈબાદત' નું પ્રકાશન તેમજ તેમની ઉર્દૂ ગઝલોના ગાનની સીડી 'કુછ દિલને કહા'ના લોકાર્પણનો કાર્યક્રમ તા. ૧૬મી ડીસેમ્બર સોમવારે ગુજરાત યુનિવર્સિટી કન્વેશન હોલ ખાતે સાંજે ૭ વાગે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે પૂ. મોરારી બાપુ તથા જાણીતા હાસ્યલેખક વિનોદ ભટ્ટ ઉપસ્થિત રહેનાર છે.

નવ ભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થનાર આ ગ્રંથોના વિમોચન પ્રસંગે વિવિધ સાહિત્યકારો પણ ઉપસ્થિત રહેશે. તેમજ હર્ષ બ્રહ્મભટ્ટની ઉર્દૂ ગઝલોની સીડીનું લોકાર્પણ તેમજ ગ્રંથ વિમોચન જાણીતા કથાકાર પૂ. મોરારીબાપુના હસ્તે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' 'ઝાકળ અને તડકાની વચ્ચે'નું રસદર્શન કરાવશે તેમજ શકીલ જમાલી 'ખામોશી હૈ ઈબાદત'નું રસદર્શન કરાવશે. આ પ્રસંગે વિનોદ ભટ્ટ અને પૂ. મોરારી બાપુ તેમનું પ્રાસંગિક પ્રવચન કરશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તુષાર શુકલ અને ડૉ. રઈશ મણિયાર દ્વારા કરાશે. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાસ્તિવિક ઉદ્બોધન કુણાલ શાહ કરશે અને સમગ્ર કાર્યક્રમાં સંગીત ઋષિ વકીલ અને તેમના વૃંદ દ્વારા પીરસવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે હર્ષ બ્રહ્મભટ્ટ મુખ્યમંત્રીના અધિક સચિવ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

આઈટીઆઈ સરખેજમાં આજે ભરતી આયોજન

અમદાવાદ, તા.૧૨

આઈટીઆઈ સરખેજ ખાતે કાર્યરત પ્લેસમેન્ટ એડવાઈઝરી બ્યુરો દ્વારા દર શુક્રવારે રિક્રુટમેન્ટ ડે નું આયોજન કરવામાં આવે છે. જેનો આઈટીઆઈ પાસ યુવાનો અને નોકરી દાતાઓએ લાભ લેવા આઈટીઆઈ સરખેજના આચાર્ય દ્વારા જણાવ્યું છે.

ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા અસ્થિ વિદાય પ્રાથના સભાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર વસાહત મંડળ અને સદ્વિચાર પરિવારના સંયુક્ત ઉપકમે દિવંગત આત્માઓના અસ્થિ વિસર્જન અર્થે અસ્થિઓની વિદાય પ્રાર્થના સભા તા. ૧૪મી ડીસેમ્બર શનિવારે સવારે ૮.૪૦થી ૯.૪૦ કલાકે ગાંધીનગરના અંતિમધામ ખાતે રાખવામાં આવેલ છે. આ ઉપરાંત આ આત્માઓના અસ્થિ હરિદ્વાર ખાતે ગંગામાતાના પવિત્ર પ્રવાહમાં વિસર્જીત કરવા માટે ૧૪મી ડિસેમ્બરે હરિદ્વાર મેલ દ્વારા રવાના થશે. તેના અંતિમ દર્શન માટે ગાંધીનગર રેલવે સ્ટેશને સવારે ૧૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમ્યાન પુષ્પાંજલિ અર્પિત કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે વસાહત મંડળ દ્વારા ૧૯૯૬ થી દર ત્રણ માસે નિયમિતરૂપે અસ્થિ વિસર્જન સેવા નિઃશુલ્ક કરવામાં આવી રહી છે. આ વખતે આ સેવા માટે વસાહત મંડળના મૂક સેવક ઉલ્લાસ વોરા અને મિત્ર મંડળ હરિદ્વારના હરકી પેઢી ખાતે જઈને વિધિવત રીતે ગંગાજીમાં અસ્થિ વિસર્જીત કરનાર છે.

શબ્દાવલી - ૫૨૫૫

૧	૨			■	૩		૪
■		■	■	૫		■	
૬		૭		■	૮	૯	
	■		■	૧૦			■
	■	૧૧			■	■	■
■	૧૨		■	■	■	૧૩	૧૪
૧૫		■	૧૬	૧૭	૧૮		
૧૯		■	૨૦				

આડી ચાવી

૧. લોકવાયકા, અફવા (૪)
૩. આશરો (૩)
૫. પાણી, જળ (૨)
૬. યોગ્ય, બરાબર (૪)
૮. ક્રમ પ્રમાણે (૩)
૧૦. અભિમાન (૩)
૧૧. પ્રવાહ (૩)
૧૨. જૂનું નહિંતેવું (૨)
૧૩. સુમેળ, ... ત્યાં જંપ (૨)
૧૫. મીયાબીબી રાજી તો ક્યાં કરેલા... (૨)
૧૬. સતતત, સળંગ (૫)
૧૯. કાવ્યની રચના કરનાર (૨)
૨૦. ભાંજગડ (૫)

ઊભી ચાવી

૨. આરતી, વંદના (૩)
૩. મંદિરની ચારેબાજુ પ્રદક્ષિણા કરે તે (૪)
૪. કંઠ, સૂર (૩)
૬. ચાણક્યનીતિ વાળુ, કપટી (૩)
૭. જવું, જેમ આવવા માટે પધારવવું તેમ જવા માટે (૪)
૯. એક રાશિ, માછલી (૨)
૧૦. લક્ષણ, માર્કસ (૨)
૧૨. તુચ્છ, જરા જેવી (૩)
૧૩. સાથ (૩)
૧૪. પડદો, નેત્ર... (૩)
૧૫. ક્રાગડો (૨)
૧૬. મોકો, તક (૨)
૧૭. ગેડ, સળ (૨)
૧૮. 'મલ' શબ્દ ઊંધો (૨)

શબ્દાવલી ૫૨૫૪ના જવાબ

આડી ચાવી :- (૧) રાજગરો (૫) એકાંત (૮) મગજમારી (૧૦) જીપ (૧૧) માંચડો (૧૨) પણે (૧૩) અદા (૧૫) વગુ (૧૭) ક્ચ્ચરઘાણ (૧૯) ડોલ્ફીન (૨૧) જાર (૨૨) ભમરો (૨૫) એક્તા (૨૬) મોક્રાણ

ઊભી ચાવી :- (૧) રામણદીવડો (૨) જગ (૩) ગજ (૪) રોમા માણેક (૬) કાંજી (૭) તપ (૯) રીચ (૧૩) અઘાર (૧૪) દાણ (૧૬) ગુલ્ફી (૧૮) રજા (૨૦) નભતા (૨૩) મરો (૨૪) તાણ

રેશનલ સમાજની માસિક બેઠક

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૧૪ ડિસેમ્બર શનિવાર સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ સે. ૨૩ ખાતે મળશે. જેમાં સમાજના સર્વે સભાસદ મિત્રોને હાજર રહેવા જણાવ્યું છે.

શ્રી વિશ્વકર્મા પ્રભુ મહાપુરાણ કથા

વિશ્વકર્મા મહાપુરાણ કથા આયોજન સમિતિ ગાંધીનગર દ્વારા શ્રી વિશ્વકર્મા પ્રભુ મહાપુરાણ કથાનું આયોજન તા. ૧૫ ડિસેમ્બરથી ૨૧ ડિસેમ્બર દરમ્યાન વિશ્વકર્માપ્રભુ મંદિર સે. ૧૨ ખાતે કરવામાં આવ્યું છે. જેમાં પ.પૂ. શ્રી જયંતિભાઈ શાસ્ત્રીજી સુરેન્દ્રનગરવાળાના શ્રીમુખે કથાનુંશ્રવણ કરાવાશે. કથા દરમ્યાન પોથીયાત્રા, વિશ્વકર્મા પ્રાગટ્ય ઉત્સવ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, રાંદલમાતા સ્થાપન, રાંદલ સુર્ય વિવાહ, જેવા વિવિધ કાર્યક્રમો દરરોજ યોજવામાં આવશે. કથાનું શ્રવણ કરવા બહારથી આવનાર યાત્રીએ સંસ્થા ખાતે નામ નોંધણી કરાવવા પ્રમુખ હસમુખભાઈ ગજ્જરે જણાવ્યું છે.

બાપા સીતારામનો આઠમો પાટોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૨

બાપા સીતારામ સેવા ટ્રસ્ટ સે. ૨૪ ખાતે આજરોજ બજરંગદાસ બાપાનો ભવ્યાતિભવ્ય પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

બાપા સીતારામ ટ્રસ્ટ પરિવાર દ્વારા બજરંગદાસ બાપાનો પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમજ બાપા સીતારામ પરિવાર વતી શહેરમાં આવેલી સે. ૨૪ શાળા નં. ૧ અને ૨ સ્વામી વિવેકાનંદ શાળા ખાતે ભોજન પીરસવામાં આવ્યું હતું. પાટોત્સવ નિમિત્તે રાત્રે ૯.૦૦ કલાકે ભજન-સત્સંગ કાર્યક્રમ યોજાયો હતો.

શામળાજી નજીક જીપે બાઈકને ટક્કર મારતા આધેડનું મોત

હિંમતનગર, તા. ૧૨

શામળાજી નજીક આવેલી એ.પી. ઠાકર વિદ્યાલય પાસે બુધવારે મોડી સાંજે ભિલોડા બાજુથી આવી રહેલા બાઈકને એક જીપે ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકનું મોત નિપજ્યું હતું.

જ્યારે પાછળ બેઠેલી મહિલાને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલમાં લઈ જવાઈ હતી. બનાવ અંગે પોલીસે જીપના ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ભિલોડા તાલુકાના બોલુન્દ્રા ગામના સોમાભાઈ નવજીભાઈ નિનામા (ઉ.વ.૫૦) તેમની પત્નિ ઉર્મિલાબેન સાથે બુધવારે સાંજના સુમારે બાઈક નંબર જીજે-૯-જે-૫૩૭૧ લઈ ભિલોડાથી શામળાજી આવી રહ્યા હતા. દરમિયાન શામળાજી એ.પી. ઠાકર વિદ્યાલય પાસે શામળાજીથી ભિલોડા તરફ જઈ રહેલી જીપ નંબર જીજે-૯-બી-૪૦૫૪ના ચાલકે જીપ ઉપરનો કાબુ ગુમાવી બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.

જેમાં બાઈક ચાલક સોમાભાઈનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા તેમના પત્નિ ઉર્મિલાબેનને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. બનાવ અંગે હરેશભાઈ નિનામાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે અકસ્માત કરી જીપ મુકી ભાગી છુટેલા જીપના ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

IAS અધિકારીની અરજી પર આજે સુનાવણી કરાશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદની સ્થાનિક અદાલતે જાસુસી કાંડના સંદર્ભમાં મધુ કિશ્વર સામે સસ્પેન્ડ કરવામાં આવેલા આઈએએસ અધિકારી પ્રદિપશર્મા દ્વારા દાખલ કરવામાં આવેલા ફોજદારી બદનક્ષીના દાવાને સ્વીકારવા આવતીકાલે સુનાવણી હાથ ધરાશે.

ગુજરાત સરકાર દ્વારા માધુરીની જાસુસી કરવાના મુદ્દે માહિતી જાણતા હોવાની શંકાના આધારે વિવિધ કારણોસર સસ્પેન્ડેડ કરાયેલા આઈએએસ ઓફીસર પ્રદિપ શર્મા વિરૂધ્ધ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વર દ્વારા જાહેરમાં તેમજ ટ્વીટર પર અભદ્ર ટિપ્પણી કરવા બાબતે પ્રદિપ શર્મા દ્વારા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં કરાયેલ બદનક્ષીની ફરિયાદમાં કોર્ટ જ્યુડીક્શન મામલે પ્રદિપ શર્માના વકીલ દ્વારા દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે આગામી ૧૩ ડિસેમ્બર એટલેકે આવતીકાલે કોર્ટના જ્યુડિક્શન અંગે વધુ સુનાવણી થશે. આ કેસની વિગત એવી છે કે માધુ જાસુસી પ્રકરણમાં ગુજરાત સરકાર સામે પડેલા સસ્પેન્ડેડ આઈએએસ ઓફીસર પ્રદિપ શર્મા વિરૂદ્ધ સામાજીક કાર્યકર મધુ કિશ્વરે જાહેરમાં અને ટ્વિટર પર કોમેન્ટ કરી હતી કે પ્રદિપ શર્મા ભ્રષ્ટાચારી અને ચારિત્યહીન છે.

કિશ્વર દ્વારા પ્રદિપ શર્મા વિરૂદ્ધ બોલાયા બાદ અમદાવાદના થલતેજમાં આ સમગ્ર ઘટના અંગે પોતાના ભાઈને જાણ કરી હતી. ત્યારબાદ પ્રદિપ શર્માએ સામાજીક કાર્યકર્તા મધુ કિશ્વરે ૨૨ નવેમ્બરે નોટિસ ફટકારી જાહેરમાં અભદ્ર ટિપ્પણી કરવા બદલ ખુલાસો કરવા જણાવ્યું હતું. મધુ કિંશ્વરે પ્રદિપ શર્માની નોટિસ અંગે કોઈ પ્રતિક્રિયા ન આપતા અમદાવાદ ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં આઈપીસી ૪૯૯ હેઠળ બદનક્ષીની ફરિયાદ દાખલ કરી છે. અને આઈપીસી કલમ ૫૦૦ હેઠળ સજા થાય તેવી માંગ કરી છે. ગ્રામ્ય સેશન્સ કોર્ટના જજ એચ.જી. પંડ્યાએ ગત સુનાવણીમાં અરજીનું ડ્યુડિક્શન નક્કી કરવા વધુ સુનાવણી ૪ ડિસેમ્બરે રાખી હતી જેમાં અરજદાર પ્રદિપ શર્માના વકીલ અમરીશ પટેલ અને શામસાદ પઠાણે જજને જણાવ્યું હતું કે ગુનો જ્યાં ખબર પડી હોય ત્યાંની હકુમત હેઠળની અદાલતમાં કેસ ચાલી શકે છે. બદનક્ષી અંગેની જાણ અરજદારને તેમની શહેરના થલતેજમાં રહેતી બેન દ્વારા ખબર પડી હતી તેથી મધુ કિશ્વર સામે ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં કાર્યવાહી ચલાવી શકાય. પ્રદિપ શર્માના વકીલ દ્વારા દલીલો પૂર્ણ થઈ ગઈ છે. હવે કોર્ટના જજ એચ.જી. પંડ્યાએ કોર્ટના જ્યુડિક્શન નક્કી કરવા વધુ સુનાવણી હાથ ધરશે.

ગુજરાતમાં બ્રિટાનિયાનો પ્રથમ બેકરી યુનિટ સ્થાપિત

ભરૂચ જિલ્લામાં ઝગડિયા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં બેકરી પ્લાન્ટ : વાર્ષિક ક્ષમતા ૪૫૦૦૦ ટન બિસ્કિટની રહેશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં એક પછી એક જુદા જુદા ક્ષેત્રોની મહાકાય કંપનીઓ એન્ટ્રી કરવાનો સિલસિલો જારી રહ્યો છે. હવે બ્રિટાનીયાએ પણ ગુજરાતમાં પ્રથમ બેકરી યુનિટ સ્થાપિત કરી લેતા આવનાર દિવસોમાં વધારે સ્પર્ધા જામે તેવી શક્યતા છે. ફુડ પ્રોડક્ટ બનાવતી મહાકાય કંપની બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીએ ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં માર્કેટ પર વર્ચસ્વ જમાવવાના હેતુસર ભરૂચ જિલ્લાના ઝગડિયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં પ્રથમ બેકરી પ્રોડક્ટ યુનિટ સ્થાપિત કર્યો છે. ઝગડિયા પ્લાન્ટ ૧૦૦ કરોડના મૂડીરોકાણ સાથે ૨૬ એકર વિસ્તારમાં ફેલાયેલો છે. અહીં ૪૫૦૦૦ ટન બિસ્કિટની વાર્ષિક ક્ષમતા રહેશે. બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝના ચીફ ઓપરેટીંગ ઓફિસર વરૂણ બેરીએ માહિતી આપતા કહ્યુ છે કે ગ્રીન ફિલ્ડ પ્લાન્ટ સ્થાપવાથી પશ્ચિમી માર્કેટમાં તેની હાજરીને વધારવા કંપનીને ફાયદો થશે સાથે સાથે પશ્ચિમ ભારત માટે ડિસ્ટ્રીબ્યુશન પ્રવૃત્તિને ડી સેન્ટ્રાલાઈઝ કરી શકાશે. તેમણે એમ પણ કહ્યુ હતુકે આનાથી વિતરણખર્ચમાં મદદ મળશે. બેરીએ કહ્યુ હતુકે ભારતમાં બિસ્કિટ માટેના બજારનું કદ ખૂબ મોટુ છે. પરંતુ પશ્ચિમી પ્રદેશમાં ગુજરાત અને અન્ય રાજ્યોમાં પ્રતિવ્યક્તિદીઠ બિસ્કિટનો વપરાશ ઓછો છે. બ્રિટાનિયા પ્રોડક્ટ દેશમાં તમામ જગ્યાએ ઉપલબ્ધ છે અને ૩૫ લાખ રિટેલ આઉટલેટ આવેલા છે. બેરીએ માહિતી આપી હતી કે કંપનીએ મધ્યાહન ભોજનના મેનુમાં બિસ્કિટને આવરી લેવા ગુજરાત, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, કેરળની સરકારને વિનંતી કરી છે. બેરીએ કહ્યુ હતુ કે બ્રિટાનિયા તમિળનાડુમાં પણ મેન્યુફેક્ચરીંગ યુનિટ સ્થાપિત કરવાની યોજના ધરાવે છે. બિસ્કિટના ક્ષેત્રમાં કંપનની વર્તમાન માર્કેટ હિસ્સેદારી ૪૦ ટકા છે. બ્રિટાનિયા બિસ્કિટની બ્રાન્ડમાં ટાઈગર, મેરિગોલ્ડ, ગુડડે, ૫૦-૫૦, ન્યૂટ્રિચોઈશ અને ટ્રિટનો સમાવેશ થાય છે.

કંપની સમાચાર

બજાજ ઈલેક્ટ્રીકલ્સનો અમદાવાદમાં ઝળકાટ

દેશની ટોચની કન્ઝયુમર ડુરેબલ અને લાઈટીંગ કંપની બજાજ ઈલેક્ટ્રીકલ્સ લિ. દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં તેનાં ૭૫માં વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણીનાં ભાગરૂપે કંપની તેના પ્રત્યેક બ્રાન્ચનાં ડિલરોને મળીને તેમનાં સંબંધો વધુ સુદૃઢ કરવા સાથે આગામી વર્ષો માટેની યોજનાઓનું પણ આયોજન કરી રહી છે.

અમદાવાદમાં ૭૫માં વર્ષની ઉજવણીનાં ભાગરૂપે બજાજ ઈલેક્ટ્રીકલ્સ લિ.નાં જોઈન્ટ મેનેજિંગ ડાયરેકટર અનંત બજાજે જણાવ્યું હતું કે, અમદાવાદ કંપની માટે હંમેશા ઉચ્ચ અવકાશો ધરાવતું બજાર રહ્યું છે. અમે આ બજારમાં અમારું નેટવર્ક વિસ્તારીશું અને વિશ્વકક્ષાની પ્રોડકટોને મુકીશું. અને આ પ્રસંગે અમારા પાર્ટનરોનાં તેજસ્વી ભાવિ માટે શુભેચ્છાઓ વ્યકત કરીએ છીએ અને અમને વિશ્વાસ છે કે આપણે સૌ સાથે મળીને ઓજસ્વી બનીશું.

અમદાવાદ બ્રાંચે તેની સુંદર કામગીરી જાળવી રાખી છે. નવેમ્બર ૨૦૧૩ સુધીમાં બ્રાન્ચ દ્વારા રૂા. ૮૮.૦૫ કરોડના વેચાણો નોંધાયા હતાં, જે ૧૫ ટકનો વધારો અને સીએજીઆરમાં આઠ ટકાનો વધારો સુચવે છે. કંપનીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની જામનગર અને દહેજ સાઈટ માટે એસઆઈટીસીનો અને ઓએનજીસી, અંકલેશ્વરના પ્રતિષ્ઠિત ઓર્ડરો મળ્યા છે. કંપનીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી એલઈડી સ્ટ્રીટ લાઈટ ફિટીંગ્સ અને ગાંધીનગરમાં ગિફટ સિટી અને ટીસીએસને રોશનીથી ઝળહળતા કરવાના કોન્ટ્રાકટ સાંપડ્યા છે.

હાલમાં માત્ર મેરિગોલ્ડ બિસ્કિટનું ઉત્પાદન ...

ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના માર્કેટને સર કરવા મહાકાય કંપની બ્રિટાનિયાએ ઝગડિયામાં નવા પ્લાન્ટની શરૂઆત કરી દીધી છે. હાલમાં આ પ્લાન્ટમાં બ્રિટાનિયાની લોકપ્રિય બ્રાન્ડ મેરિગોલ્ડ બિસ્કિટનું ઉત્પાદન કરવામાં આવશે પરંતુ આગામી દિવસોમાં તેની અન્ય લોકપ્રિય બ્રાન્ડનું પણ ઉત્પાદન કરવામાં આવે તેવી પણ શક્યતા છે. બ્રિટાનિયા કંપનીના ગુજરાત ખાતેના સૌપ્રથમ ઉત્પાદન એકમનો પ્રારંભ કરવામાં આવતા આવનાર દિવસોમાં ગુજરાતના બિસ્કિટ કારોબારમાં વધારે તેજી આવશે.

પ્રજાભિમુખ બન્યું... ● પહેલા પાનાનું ચાલુ

અભિગમની સાથે સાથે પ્રજાભિમુખ અભિગમના દર્શન કરાવ્યા છે.

તંત્રએ પારદર્શિતા માટે ખાસ તાલિમ વર્ગનું આયોજન કરવા પર પણ ભાર મુક્યો હતો.

તકેદારી આયુક્તશ્રી તંત્રએ કરેલી કામગીરીથી પ્રભાવિત થયા હતા અને હજુ વધુ જનસેવા કેન્દ્રોના સુદૃઢીકરણની સાથે સાથે વધુ ને વધુ સેવાઓ ઈ.ગ્રામ કેન્દ્રોને ફાળવવામાં આવે તેવો અભિગમ રાખવા પર ભાર મુક્યો હતો. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી સ્વરૂપ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેકવાન, અધિક નિવાસી કલેક્ટર શ્રી ડૉ. મોડિયા, કલોલ અને ગાંધીનગર પ્રાંત અધિકારી તેમજ જિલ્લા પોલીસ વડાશ્રી સિંઘલ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

ખૂન કેસ, ખંડણીના કેસમાં સામેલ આરોપી ઝડપાયો

પોલીસ ઈન્સ્પેક્ટર જે.એમ. યાદવ આજે એન્ટી ઓર્ગેનાઈઝ ક્રાઈમ સ્કોર્ડની ટીમ સાથે શહેરમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમીના આદારે આસ્ટોડીયા બાલાપીર મસ્જીદ પાસેથી ખુન કેસ તથા ખંડણી કેસમાં સંડોવાયેલ આરોપી ગનીખાન હાસમખાન પઠાણ (ઉ. ૫૨)ની અંતે ધરપકડ કરી છે. પકડાયેલલ આરોપી મુળ અમદાવાદનો રહેવાસી છે. પરંતુ છેલ્લા પાત્રીસ વર્ષથી વડોદરા શહેરમાં રહી બિલ્ડીંગ કન્ટ્રકશનનું કામ કરે છે. આ આરોપી અગાઉ પણ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા તથા રાયોટીંગના કેસોમાં પકડાય ચુકેલ છે. તેમજ તે છેલ્લા પાંચ માસથી નાસતો ફરતો હતો. વડોદરા શહેરના પોલીસ અધિકારીઓ આ આરોપીની વધુ તપાસ હાથ ધરી રહ્યા છે.

કમાંક : પાનસેસ/ટેક્ષ શાખા/૨૮૬૭/૧૩-૧૪
નગર સેવા સદન, પાલનપુર, તા. ૧૨/૧૨/૨૦૧૩

'પાલનપુર નગરપાલિકા'

'વાર્ષિક ભાવો માટેની જાહેર નિવિદા'

આથી લાગતા - વળગતા ઈજારદાર / કોન્ટ્રાક્ટર / સપ્લાયર્સ / એજન્સીઓ પાસેથી સને ૨૦૧૪ જાન્યુઆરીથી ૨૦૧૫- ૩૧ - માર્ચ સુધી પાલનપુર નગરપાલિકાની ટેક્ષ શાખાની જુદા જુદા કામે જાહેરાતના બોર્ડ તથા સ્ટ્રીટ લાઈટના થાંભલા ઉપર બોર્ડ લગાવવા સારૂં વાર્ષિક ભાવો સીલબંધ કવરમાં પાલનપુર નગરપાલિકા દ્વારા મંગાવવામાં આવેલ છે. દરેક ટેન્ડરના રૂ. ૨૦૦/- ભર્યેથી સંબંધિત શાખામાં અરજી કર્યેથી મળી શકશે.

(૧) ટેન્ડર ઈશ્યુ કરવાની તારીખ : ૧૬-૧૨-૨૦૧૩થી તા. ૨૩-૧૨-૨૦૧૩ સુધી.
(૨) ટેન્ડર ભરીને બંધ કરવામાં નગરપાલિકામાં મળી રહે તે રીતે મોકલી આપવાની છેલ્લી તા. ૩૧-૧૨-૨૦૧૩
(૩) ટેન્ડરો ખોલવાની તારીખ : સંબંધિત કમિટિ દ્વારા સમયની અનુકૂળતા મુજબ.

ટેન્ડરો બંધ કવરમાં ભરીને 'મુખ્ય અધિકારીશ્રી - પાલનપુર નગરપાલિકા'ના નામે સ્પીડ પોસ્ટ / આર.પી.એ.ડી.થી મોકલી આપવાના રહેશે અને બંધ કવર ઉપર ટેક્ષ શાખાના કામનું ટેન્ડર તેમ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

(યુ.ડી.સિન્ધા) મુખ્ય અધિકારી — (રંજનબેન પ્રજાપતિ) ચેરમેન — (અમૃત સી. જોષી) ઉપપ્રમુખ — (હસમુખ એમ. પટિય